**રેગ્યુલર દિવાની દરખાસ્ત નં. ૧૭/૨૦૨૨**

**// આંક–૦૧ નીચેનો હુકમ //**

સદરહું કેસનું રેકર્ડ વંચાણે લેતાં સદર દરખાસ્ત તા.૦૫/૧૨/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. જે અનુસંધાને આ કામનાં દેણદારને નોટીસ કરવામાં આવેલ જે નોટીસ આંક–૦૪ થી રજુ થયેલ છે. જે નોટીસમાં કરવામાં આવેલ શેરો વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે, આ કામનાં દેણદાર ગુજરી ગયેલ છે અને દેણદાર ગુજરી ગયેલ હોવા અંગેનો મરણનો દાખલો સદર કામે રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતાં આ કામનાં દેણદાર તા.૦૨/૦૫/૨૦૨૨ ના રોજ ગુજરી ગયેલ હોવાનું જણાઈ આવે છે. આમ, કાયદામાં પ્રસ્થાપિત સર્વે સામાન્ય નિયમ પ્રમાણે જો કોઈ વ્યક્તિ ગુજરી ગયેલ હોય તો તેઓની સામે કોઈપણ પ્રકારનો સિવિલ કે ક્રિમિનલ કાર્યવાહી કરી શકાય નહીં. જે અનુસંધાને સદર દરખાસ્ત લેણદાર દ્વારા આ કામનાં દેણદાર ગુજરી ગયા બાદ સદર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત હકીકત તથા રેકર્ડને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

1. હાલની દરખાસ્ત ચાલવાપાત્ર ન હોય કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.
2. તેમજ સદર કામે અન્ય કોઈ વચગાળાની અરજી કરવામાં આવેલ હોય તો તે અરજીઓ સદર હુકમને આધીન નિકાલ કરવામાં આવે છે.
3. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ કામ આજરોજ તા.–૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી મારી સહી–સીક્કો કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૮/૨૦૨૪
સ્થળ : પડધરી

(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
પડધરી
**UID GJ**–01609